

“ પ્રતિસ્પર્ધીને હિંમત દાખવી ને વશ કરી શકશો, તમે આ વર્ષમાં મોટું કોઈ સાહસ કરી શકશો”

આપના માટે આગામી નવું વર્ષ પડકાર અને વિજય બંનેનું સુંદર મિશ્રણ સાબિત થશે. **વર્ષનો પૂર્વાર્ધ ધૈર્ય, કસોટી અને કઠિન પરિશ્રમ માગી લેશે, જ્યારે ઉત્તરાર્ધ અણધાર્યા લાભો, પ્રગતિ અને મનોવાંછિત સફળતા લઈને આવશે.** ૨ જૂન સુધી અષ્ટમ શનિની નાની પનોતીને લીધે માનસિક અને આર્થિક સ્તરે થોડી દોડધામ રહેશે. પરંતુ ૨ જૂને શનિની પનોતીમાંથી મુક્તિ મળતાંની સાથે જ મુશ્કેલીઓનો અંત આવશે. ત્યાર બાદ ૨૫ જૂને તમારી જ રાશિમાં ગુરુનું ભ્રમણ શરૂ થતાં જ તમારું ભાગ્ય સોળ કળાએ ખીલી ઊઠશે અને જીવનમાં અદ્ભુત રાહત અને ઉત્સાહનો સંચાર થશે.

માનસિક સ્થિતિ : ચિંતા બાદ આત્મવિશ્વાસ વધશે

વર્ષના આરંભમાં શનિ-ગુરુની પ્રતિકૂળ સ્થિતિને લીધે મનમાં અકારણ ચિંતા, કામ અટકવાનો ડર અને અશાંતિ રહી શકે છે. ધાર્યા કાર્યોમાં વિલંબ થતાં ક્યારેક નકારાત્મક વિચારો ઘેરી વળે. ખાસ કરીને ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન ગભરામણ અને માનસિક અસ્થિરતા વધવાની પૂરી શક્યતા છે, તેથી આ સમયમાં કોઈ પણ સાહસિક નિર્ણય લેવાનું ટાળવું. **૨૫ જૂન પછી તમારી રાશિમાં ગુરુ મહારાજ પધારતાં જ મનમાંથી તમામ નિરાશા ગાયબ થઈ જશે અને તમારો આત્મવિશ્વાસ બમણો થઈ જશે.**

આરોગ્ય : વર્ષના મધ્ય સુધી ખાસ કાળજી જરૂરી

સ્વાસ્થ્યની બાબતમાં વર્ષનો પૂર્વાર્ધ થોડો નાજુક રહેશે. ૨ જૂન સુધી અષ્ટમ શનિના કારણે અકારણ થાક, જૂની બીમારીઓનો ઉભરો કે શારીરિક અસ્વસ્થતા પરેશાન કરી શકે છે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે માથું, આંખો, પગ અને મોસમી બીમારીઓથી બચવું. છાતીમાં અસ્વસ્થતા કે બ્લડ પ્રેશર જેવી સમસ્યા જણાય તો તુરંત તબીબી સંભાળ લેવી. કમર કે પીઠ પર વજન ન પડે તેની કાળજી રાખવી. **૨૫ જૂન પછી ગ્રહબળ સાનુકૂળ થતાં સ્વાસ્થ્યમાં ઝડપી અને સકારાત્મક સુધારો જોવા મળશે.**

આર્થિક સ્થિતિ : શરૂઆતમાં નાણાંભીડ, પછી બચતની તક

નાણાંકીય દૃષ્ટિએ વર્ષના પ્રારંભિક મહિનાઓમાં ખૂબ સંયમ અને આયોજનથી કામ લેવું પડશે. બારમા ભાવમાં ગુરુ અને શનિની કસોટીને લીધે અણધાર્યા ખર્ચાઓનું પ્રમાણ વધશે. આ સમયે કોઈના બહેકાવામાં આવીને મોટું જોખમ ન લેવું. પરિસ્થિતિ વણસે તો નિકટના સ્વજનોની મદદ લેવી પડે તેવી નોબત આવી શકે છે. **૨૫ જૂન પછી આર્થિક સંકટ દૂર થશે, અટકેલા નાણાં છૂટા થશે અને આવકના નવા સ્રોત ઊભા થતાં બચતમાં મોટો વધારો થશે.**

ધંધાકીય : શરૂઆતમાં પડકાર, ઉત્તરાર્ધમાં મોટા ઓર્ડરની તક

વ્યાવસાયિક ક્ષેત્રે જૂન સુધીનો સમય ધીરજની કસોટી કરશે. ગ્રાહકોની અછત, ઓર્ડર રદ થવા કે નાણાં અટવાઈ જવાને કારણે ધંધામાં મંદી અનુભવાય. ટેક્સ અને સરકારી કામકાજમાં ચોકસાઈ રાખવી. **ખાસ કરીને રિયલ એસ્ટેટ, બાંધકામ, ઇલેક્ટ્રિકલ અને કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓએ ખૂબ સંભાળવું.** ૨૫ જૂન પછી વેપારમાં મોટો ઉછાળો આવશે. જૂના ગ્રાહકો પરત ફરશે, નવા મોટા ઓર્ડર મળશે અને ધંધાનો વિસ્તાર કરવા માટે તકો સાંપડશે.

નોકરી/કારકિર્દી : નવી જવાબદારી અને પ્રમોશનના યોગ

નોકરિયાત વર્ગ માટે પ્રારંભિક સમય સામાન્ય દોડધામવાળો રહેશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે વક્રી ગુરુને કારણે કાર્યભાર વધશે અને કામનું પરિણામ મળવામાં વાર લાગશે. નાણાકીય હિસાબ-કિતાબ સંભાળતા કર્મચારીઓએ દસ્તાવેજોમાં અત્યંત ચોકસાઈ રાખવી. **૨૫ જૂન પછી પરિસ્થિતિ તમારા પક્ષમાં પલટાશે. મનપસંદ બદલી, ઉત્તમ પ્રમોશન અને**



પગારવધારાના મજબૂત યોગ બનશે. ઉપરી અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે અને વિદેશમાં કારકિર્દી બનાવવા ઇચ્છતા લોકોને સુવર્ણ તક મળશે.

કુટુંબ અને પ્રેમસંબંધો : ઉત્તરાર્ધમાં સંબંધોમાં મધુરતા

પારિવારિક દૃષ્ટિએ વર્ષનો પ્રથમ ભાગ મધ્યમ રહેશે. જીવનસાથી કે પરિવારના સભ્યોની તબિયતને લઈને ચિંતા રહે તથા મોસાળ કે સાસરી પક્ષ સાથે નાની વાતે ઘર્ષણ ન થાય તે જોવું. ૨૫ જૂન પછી ઘરમાં સદ્ભાવના અને ખુશીઓનો માહોલ સર્જાશે. **અવિવાહિતો માટે લગ્નના ઉત્તમ પ્રસ્તાવ આવશે** અને વિવાહિત દંપતીઓને ઉત્તમ સંતાનસુખ પ્રાપ્ત થઈ શકે છે. પ્રેમસંબંધોમાં પ્રારંભિક ગેરસમજો દૂર થઈને ઉત્તરાર્ધમાં સંબંધ લગ્નમાં પરિણમે તેવા પ્રબળ યોગ છે.

શિક્ષણ : ઉત્તરાર્ધમાં સફળતાના સારા સંકેત

વિદ્યાર્થીઓ માટે વર્ષનો પૂર્વાર્ધ કઠોર પરિશ્રમ માગી લેશે. શનિની પનોતી અને વક્રી ગુરુને લીધે અભ્યાસમાં એકાગ્રતા જાળવવી મુશ્કેલ બનશે અને ધારી સફળતા મેળવવામાં અડચણ આવશે. જો કે ૨૫ જૂન પછી ગુરુની કૃપાથી વિદ્યાભ્યાસમાં મન પરોવાશે, બુદ્ધિ અને ચાદશક્તિનો વિકાસ થશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પરિણામ મળશે. **ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છતાં વિદ્યાર્થીઓની આકાંક્ષા પૂર્ણ થશે.**

કોર્ટ-કચેરીના મામલા : જૂન પછી રાહતના સંકેત

કાનૂની ગૂંચવણો અને કોર્ટ કેસમાં શરૂઆતમાં વિલંબ કે પરેશાની વેઠવી પડી શકે છે. ખાસ કરીને ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન કાયદાકીય દસ્તાવેજોની ચકાસણીમાં કોઈ બેદરકારી ન રાખવી. **જૂન મહિના પછી સમય તમારા પક્ષમાં આવશે. ચાલુ કેસમાં મોટી સફળતા, સ્ટે કે સાનુકૂળ સમાધાનનો માર્ગ પ્રશસ્ત થશે.**

સરકારી કામકાજ : શરૂઆતમાં તકેદારી, પછી સરળતા

સરકારી ક્ષેત્રે અટકેલાં કામોમાં જૂન સુધી સાવચેતીપૂર્વક આગળ વધવું. કોઈની ખોટી સલાહ કે દસ્તાવેજી ભૂલને લીધે દંડ કે મુશ્કેલી ન થાય તેની ખાસ તકેદારી રાખવી. કાગળ પરના પુરાવા મજબૂત રાખવા જેથી કોઈ તમારી વિરુદ્ધ કાવતરાં ન કરી શકે. **૨૫ જૂન પછી અટકેલી સરકારી ફાઇલો ઝડપથી આગળ વધશે અને સરકારી લાભો સહેલાઈથી પ્રાપ્ત થશે.**

પ્રવાસ : ઉત્તરાર્ધમાં વિદેશ પ્રવાસના યોગ

વર્ષના પૂર્વાર્ધમાં કરાયેલા પ્રવાસો થકવી નાખનારા અને બિનજરૂરી ખર્ચ કરાવનારા નીવડી શકે છે. પરંતુ ૨૫ જૂન પછી વ્યાવસાયિક expansion, નોકરી કે ઉચ્ચ શિક્ષણ અર્થે કરવામાં આવતી યાત્રાઓ અત્યંત ફળદાયી નીવડશે. **ખાસ કરીને વિદેશગમનના મનોરથો સરળતાથી પૂર્ણ થતા જોવા મળશે.**

સ્ટોક માર્કેટ : જોખમી રોકાણથી સાવધાન

શેરબજાર અને નાણાકીય રોકાણમાં પ્રારંભિક મહિનાઓમાં આંધળુકિયા રોકાણ કરવાથી બચવું. માર્કેટની અસ્થિરતા અને અણધાર્યા આર્થિક ઝટકાઓથી બચવા સટ્ટાકીય ટ્રેડિંગથી દૂર રહેવું જ હિતાવહ છે. ઉત્તરાર્ધમાં બજારનું ઊંડાણપૂર્વક પૃથક્કરણ કરીને તથા **નાણાંકીય નિષ્ણાતોની સલાહ લઈને કરવામાં આવેલું લોંગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટ મબલખ વળતર આપશે.**

(શીર્ષક પંક્તિ: ડો. મુકુલ ચોકસી)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર :** વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી સુધી ગુરુ પ્રથમ સ્થાનમાં અનુકૂળ રહેશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ગુરુ કર્ક રાશિમાં એટલે કે બારમા ભાવમાં ભ્રમણ કરતાં ખર્ચનો ગ્રાફ ઊંચો લઈ જશે. પરંતુ **૨૫ જૂને ગુરુ પુનઃ સિંહ રાશિમાં પ્રવેશતાં જ ઉમદા ભાગ્ય અને માન સન્માન અપાવશે અને સુવર્ણ યુગનો પ્રારંભ થશે.**

● **શનિની અસર:** ૨ જૂન સુધી શનિ મહારાજ અષ્ટમ સ્થાનમાં વિરાજમાન હોવાથી પનોતીનો પ્રભાવ રહેશે, જેને લીધે શારીરિક-માનસિક કષ્ટ અને કાર્યોમાં અવરોધ અનુભવાશે. દમ શરદી ફેફસાંની બીમારી રહ્યા કરે . **૨ જૂને પનોતીનું બંધન છૂટતાં જ ટનલમાંથી બહાર આવ્યા હોય એવો અહેસાસ થશે.**

● **રાહુની અસર:** ૨ ડિસેમ્બરથી રાહુ મકર રાશિમાં એટલે કે આપની રાશિથી છઠ્ઠા એટલે કે રોગ સ્થાનમાં ગોચર કરશે, જેથી જૂના રોગો કે વારસાગત બીમારીઓ બાબતે બેદરકાર ન રહેવું . **જો કે છઠ્ઠા ભાવમાં રાહુ જાતકને પરાક્રમી અને શત્રુ વિજેતા પણ બનાવે છે**